## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




હવે, અમને લાવો... અમારી ભૂલ થઈ ગઈ... અમે પણ હવે નોટબંધી કરીશુ, જી.એસ.ટી. લાવીશું.. બસ...!!!

# સે. ૫માંથી ડેન્ગ્યુની મહિલા દર્દી મળી આવી

## શહેરમાં ડેન્ગ્યુના કેસોની સંખ્યા ૫૧ થઈ; ગત વર્ષની તુલનામાં ડેન્ગ્યુના કેસોની સંખ્યા ઘટી, તંત્રનો દાવો

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરમાંથી આજે પણ વધુ એક ડેન્ગ્યુનો કેસ મળી આવ્યો છે. શહેરમાં ડેન્ગ્યુના કેસો છુટા છવાયા હજુ પણ મળી રહ્યા હોવાથી તંત્રમાં ચિંતાની લાગણી જોવા મળી રહી છે. શહેરમાં આ સિઝનમાં ડેન્ગ્યુના કેસોની સંખ્યા આ કેસ સાથે એકાવન પર પહોંચી છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સેક્ટર-૫માંથી આ કેસ મળી આવેલ છે અને દર્દીની સ્થિતિ સારી હોવાનું જાણવા મળેલ છે.

સે. ૫ની મહિલા દર્દીને આજે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં લોહીના પરીક્ષણ દરમ્યાન ડેન્ગ્યુ પોઝીટીવ જણાયો હતો. તંત્ર દ્વારા દર્દીના ઘરે એન્ટી લારવેલ અને ફોગીંગની કામગીરી ઉપરાંત રહેઠાણની આસપાસના વિસ્તારમાં સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે.

શહેરમાં છુટા છવાયા કેસો મળી રહ્યા હોવાથી તંત્રની દોડધામમાં પણ વધારો થવા પામ્યો છે.

ગત વર્ષે ૧૮૦ કરતાં વધુ કેસો ડેન્ગ્યુના નોંધાયા હતા તેના પ્રમાણમાં આ વર્ષે ડેન્ગ્યુના કેસો ઓછા નોંધાયા છે પણ તેની સંખ્યા ૫૧ છે તે ચિંતાજનક છે તેવું તંત્રનું માનવુ છે.

શહેરમાં વાહકજન્ય રોગચાળામાં આ વખતે મેલેરિયાના કેસોની સંખ્યામાં પણ ઘટાડો જોવા મળ્યો છે. જો કે ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના મળેલા છુટા છવાયા કેસોએ તંત્રની ચિંતા વધારી છે. ચિકનગુનિયાના ૮ કેસ આ સિઝનમાં મળી આવ્યા છે જે ઉલ્લેખનીય છે.

# સરદારના અપમાન બદલ શકિતસિંહ ગોહીલ રાજીનામુ આપે : ભાજપ

## સે-૨૧ કાર્યાલય પાસે વિરોધ પ્રદર્શિત કરી રાજીનામાની માંગણી કરી

ગાંધીનગર તા ૧૪

કોંગ્રેસના નેતા શકિતસિંહ ગોહીલના નિવેદન સામે ભાજપે ઉગ્ર વિરોધ પ્રદર્શિત કર્યો હતો. સરદાર વલ્લભભાઈનુ ડી એન એ હાર્દિકમાં છે. તેવા ઉચ્ચારણથી ભાજપમાં વિરોધનો વંટોળ ઉભો થયો છે. ગાંધીનગર મહાનગર તેમજ જિલ્લા ભાજપના આગેવાનો દ્વારા શકિતસિંહની આ ટીપ્પણીને સખત શબ્દોમાં વખોડી નાંખી છે. ભાજપના નેતાઓએ આજે સે-૨૧ કાર્યાલય પાસે વિરોધ પ્રદર્શિત કરી શકિતસિંહ ધારાસભ્ય પદેથી રાજીનામુ આપે તેવી માંગણી પણ કરી હતી.



મહાનગર ભાજપ દ્વારા આજે શકિતસિંહ ગોહીલની ટીપ્પણી સામે વિરાધ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો. ભાજપના મહાનગરના નેતાઓએ જણાંવ્યુ હતુ કે શકિતસિંહ ગોહીલે સરદાર વલ્લભભાઈ પટેલનુ ડી એન એ હાર્દિકમાં છે તેમ જણાંવી વલ્લભભાઈ પટેલની સરખામણી તેની સાથે કરી વલ્લભભાઈ પટેલનુ અપમાન કર્યુ છે. તેમણે કોંગ્રેસની માનસિકતા છતી કરી છે. મહાનગર અને જિલ્લાના રહીશોમાં પણ રોષ ભભુકયો છે. શકિતસિંહના આ નિવેદન સામે મહાનગર ભાજપે વિરોધ પ્રદર્શિત કર્યો હતો. ભાજપના મહાનગરના અધ્યક્ષ મહેન્દ્ર દાસ, મહામંત્રી આઈ બી વાઘેલા, ઋચિર ભટ્ટ, મહેન્દ્રસિંહ રાણા , નાઝાભાઈ ઘાંઘર કેતન પટેલ, મણીબેન દેસાઈ મુકેશ જાની વિજય ત્રિવેદી સહીતના પદાધિકારીઓ ઉપરાંત મહીલા મંડળ યુવા મોરચો અને તમામ પદાધિકારીઓએ વિરોધ પ્રદર્શિત કરી શકિતસિંહ ગોહીલના રાજીનામાની માંગણી કરી હતી.



## બાલાજી કન્સ્ટ્રક્શન ગ્રુપના ડાયરેક્ટરને

# મુંબઈ પાસે હીલ પરની જમીન બતાવી ૫.૭૦ કરોડનો ચુનો..!

## મુંબઈને બે પાર્ટીઓએ હીલ પર જવા-આવવાનો રસ્તો બનાવી આપવાની વાત કરીને જમીનની ડીલ કરી રૂપીયા લઈ લીધા હવે ખબર પડી કે તે રસ્તાની જગ્યા તો સરકાર હસ્તક છે..!

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરનું મોટુ કન્સ્ટ્રક્શન ગ્રુપ બાલાજી કન્સ્ટ્રક્શન ગૃપની માનવ ઈન્ફ્રાસ્ટર્કચર પ્રા.લી.ના એકાઉન્ટન્ટે તેમના ગ્રુપના મુખ્ય ડાયરેક્ટર આશિષભાઈ શાહ સાથે થયેલી વધુ એક કરોડની છેતરપીંડી અંગે પોલીસ ફરિયાદ નોંધાવી છે. મુંબઈના જ બે શખ્સોએ મુંબઈ નજીકના એક હીલ પરની જમીન માટે રૂ. ૫.૭૦ કરોડ રૂપીયા લઈને ત્યાર બાદ ડીલ તોડી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી હોવાની ફરીયાદ નોંધાવતા ગાંધીનગર એસઓજીએ આ અંગે ઊંડી તપાસ શરૂ કરી છે.

ગૃપના એકાઉન્ટ બિપીનભાઈ શાહની ફરીયાદ મુજબ મુંબઈની ઈમ્પીરીયા રીયાલીટી ગૃપના બે શખ્સો ભચુભાઈ ધરમશીભાઈ અરેઠીયા (રહે. કચ્છ, રાપર) અને ભરતભાઈ બચુભાઈ મુનીત (રહે. મુંબઈ) બંને વેપારીઓ વર્ષ ૨૦૧૫માં તુર્કી ખાતે ગાહેડની ટુરમાં ગયા હતા. ત્યારે બાલાજી કન્સ્ટ્રક્શન ગૃપના ડાયરેક્ટર આશિષભાઈ શાહ પણ આ ટુરમાં ગયેલા હતા. ત્યારથી સંપર્કમાં આવેલા ભચુભાઈ અને ભરતભાઈએ આશિષભાઈને વિશ્વાસમાં લીધા બાદ તબક્કાવાર વાતચીતો અને મુલાકાતો કરી મુંબઈની તેમની કંપનીની હીલ પરની જમીન વેચવાની તૈયારી બતાવી હતી. પ્રોજેક્ટલાયક જમીન જોયા બાદ ત્યાના રસ્તાનો પ્રશ્ન આશિષભાઈએ પુછતા તે સમયે કહ્યુ હતુ કે આ રસ્તાની જમીન પણ કંપનીની જ છે તે કંપની જ બનાવી આપશે.

ત્યારબાદ વિશ્વાસમાં લીધા બાદ તબક્કાવાર અલગ અલગ કિંમતના ચાર ચેક મારફતે રૂ. ૫.૭૦ કરોડ આર.ટી.જી.એસ. કરાવી આશિષભાઈએ રૂપિયા ચુકવ્યા પણ બંને શખ્સોએ ત્યારબાદ પણ જમીનના કાગળો ન બતાવ્યા કે દસ્તાવેજ ન કર્યા. તપાસ કરતા ખ્યાલ આવ્યો કે આ હીલ પરની જમીન પર જવાના રસ્તાની જમીન જે પોતાની કંપનીની હોવાનો દાવો કરતા હતા તે હકીકતે સરકાર હસ્તક છે. છેતરાઈ ગયા હોવાનો અંદાજ આવી જતા રૂપિયા પરત માંગતા સામેથી ધમકીઓ મળી હતી. આ મામલે એકાઉન્ટન્ટની ફરીયાદને આધારે મુંબઈની બંને પાર્ટીઓ સામે ગાંધીનગર પોલીસે ગુનો દાખલ કરી એસઓજી પી.આઈ. પરેશ સોલંકીએ વધુ તપાસ શરૂ કરી છે.

# જે પક્ષ માંગણીઓ સ્વીકારશે તેને જ ચૂંટણીમાં સમર્થન : વિરાટ દેવીપૂજક સંઘ

## બંન્ને પક્ષ માંગણીઓ નહીં સ્વીકારે તો વિરાટ દેવીપૂજક સંઘ અપક્ષ ઉમેદવારો ઉભા રાખશે

ગાંધીનગર, તા.૧૪

વિરાટ દેવીપૂજક સંઘની છેલ્લા ઘણા વર્ષોથી માંગણીઓ પડતર છે. જેનો ઉકેલ લાવવામાં સરકાર નિષ્ફળ નીવડી છે. ચુંટણી આવી રહી છે ત્યારે જે પક્ષ દેવીપૂજક સંઘની માંગણીઓનો સ્વીકાર



કરશે તે પક્ષને જ ચુંટણીમાં સમાજ દ્વારા સમર્થન આપવામાં આવશે તેવો નિર્ણય આજે ગાંધીનગર ખાતે આયોજીત પ્રદેશકક્ષાની બેઠકમાં વિરાટ દેવીપૂજક સંઘના હોદેદારોએ લીધો છે.

તેઓની મુખ્ય માંગણીઓમાં દેવીપૂજક સમાજનો ઓબીસીમાં સમાવેશ કરાયો છે તેમાંથી સમાજને ૧૧ ટકા એસટી કેટેગરીવાળા અનામતનો લાભ આપવો, દેવીપૂજકના કચ્છમાં રદ કરેલા અનુસુચિતના લાભ પરત ચાલુ કરવા મુખ્ય બાબત છે. જો સરકાર દ્વારા આ સમાજની અવગણના કરવામાં આવશે તો સરકારને મોટું નુકશાન વેઠવાનો વારો આવશે. કારણ કે સમગ્ર ભારતમાં ૧૪ કરોડ તેમજ ગુજરાતમાં અંદાજીત ૬૦ લાખ જેટલી વસ્તી દેવીપૂજક સમાજના ભાઈ બહેનોની છે. આ તબક્કે વિરાટ દેવીપૂજક સંઘના પ્રમુખ રૂપસંગ ભાઈ ભરભીડીયા જણાવ્યું હતું કે સમગ્ર ભારતમાં ગુજરાત વિના પારધી, શિકારી, વાઘરી, દેવીપૂજક જ્ઞાતી ધરાવતા નાગરીકોને સ્પેશીયલ કેટેગરીવાળુ ૧૧ ટકા અનામત સમાજને અન્ય રાજ્યોમાં આપવામાં આવ્યું છે.ત્યારે માત્ર ગુજરાતમાં જ કેમ નહી. કચ્છ-ભુજમાં રહેતા દેવીપૂજક સમાજના નાગરીકોને આ સુવિધા મળતી હતી પરંતુ ભાજપની સરકાર રચાતા રજુઆત કરતા કચ્છમાં જે અનામતનો લાભ મળતો હતો તે પણ વર્ષ ૨૦૦૩ થી બંધ થઈ ગયો છે. તે લાભ ચાલુ કરવા સરકાર સમક્ષ અનેકવાર રજુઆત કરી ચુક્યા છે પરંતુ હજુ સુધી નિવેડો આવ્યો નથી. સમાજની મુખ્ય માંગણીઓમાં સમાજમાં શિક્ષણનું સ્તર ખુબ જ નીચુ હોવાથી દરેક જિલ્લા તાલુકા કક્ષાએ હોસ્ટેલ, છાત્રાલય બનાવવા, રોજગારી માટે સમાર્ટ શાક માર્કેટ ઉભા કરવા, દેવીપુજકની ગરીમાં જાળવવા એટ્રોસીટી કાયદો લાગુ કરવો, શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારમાં રહેઠાણ માટે પ્લોટ આપવા, તેમજ રાજનીતીમાં સમાજને યોગ્ય પ્રતિનિધીત્વ આપવું સહિતનો સમાવેશ થાય છે. સરકાર સમક્ષ વારંવાર રજુઆત છતા સરકારના બહેના કાને દેવીપૂજક સમાજની માંગણીઓ ન સંભળાતા દેવીપૂજક સમાજમાં રોષ ભભુકી ઉઠ્યો છે અને તેઓએ કોંગ્રેસના અગ્રણી હોદેદારો સાથે વાત કરીને પોતાની માંગ રજુ કરતા તેઓએ આશ્વાસન આપ્યું છે. જેથી આજે ગાંધીનગર પથિકાશ્રમ ખાતે વિરાટ દેવીપૂજક સમાજની પ્રદેશકક્ષાની બેઠક યોજાઈ હતી જેમાં નિણર્ય લેવાયો છે કે જે પક્ષ દેવીપૂજક સમાજની માંગણીઓ સ્વીકારશે તેને આગામી ચુંટણીમાં સમાજ સમર્થન આપશે તેમ વિરાટ દેવીપૂજક સંઘના રૂપસંગભાઈ ભરભીડીયાએ જણાવ્યું હતું. રાજયભરમાંથી મોટીસંખ્યામાં હોદેદારો હાજર રહ્યા હતા.




## સાંતેજના ગુનામાં વોન્ટેડ બુટલેગર એલસીબીના સકંજામાં

ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહિતની ટીમે નાસતા ફરતા આરોપીઓ પકડવા એક ટીમ દોડતી કરી છે ત્યારે આજે વધુ એક નાસતા ફરતા બુટલેગરને કલોલની સિંદબાદ હોટલ પાસેથી પકડી પાડયો છે. સાંતેજ પોલિસ સ્ટેશનમાં પ્રોહીબીશનના ગુના નોંધાયા હતા. જેમાં ૨૪ નંગ વિદેશી દારૂ અમદાવાદમાં દેત્રોજના લાલાજી બચુજી ઠાકોરનો હતો. અગાઉ તેની પાસેથી ૧૮૦ નંગ દારૂની બોટલ પણ પકડાઈ હતી. આ ગુનામાં વોન્ટેડ લાલાજી ઠાકોરની ધરપકડ કરી એલસીબીએ વધુ પુછપરછ શરુ કરી છે.




## નર્સિંગ કોલેજે બાળ દિન ઉજવ્યો

શહેરમાં વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા બાળદિનની ઉજવણી હોંશભેર કરવામાં આવી હતી. શહેરની સેક્ટર-૧૨ સ્થિત સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગની ટીવાયબીએસસીની વિદ્યાર્થીનીઓએ સેક્ટર-૨૦ની સરકારી પ્રાથમિક શાળાના ૧૨૦ બાળકો સાથે ઉજવણી કરી હતી. આ ઉજવણીમાં તેમણે બાળકોને વિવિધ રમતો રમાડી વિજેતા ટીમને ટ્રોફી આપવા સાથે બાળકોને સારી આદતો કેળવવા, ક્ષય રોગ તથા સ્વાસ્થ્ય સંબંધી માર્ગદર્શન આપતુ નાટક પણ પ્રદર્શિત કર્યુ હતુ.

# રાષ્ટ્રીય માનવ વિકાસ પાર્ટી રાજ્યની ૧૮૨ બેઠકો પર ચૂંટણી લડશે

ગાંધીનગર, તા.૧૪

ગુજરાતમાં વિધાનસભાની ચુંટણી જાહેર થતા જ સમગ્ર ભારતના રાજકીય પક્ષોની નજર ગુજરાત તરફ મંડાઈ છે. રાજયમાં ભાજપ-કોંગ્રેસ બે મુખ્ય રાજકીય પક્ષો છે તે ઉપરાંત એનસીપી, જનવિકલ્પ, બસપા સહિતના પક્ષો પોતાના ઉમેદવાર ઉભા રાખી ચુંટણી જંગમાં ઉતરવાના મુડમાં છે ત્યારે રાષ્ટ્રીય માનવ વિકાસ પાર્ટીએ પણ ગુજરાતની ૧૮૨ બેઠકો પર ચુંટણી લડવાની જાહેરાત કરી છે. ત્યારે રાષ્ટ્રીય માનવ વિકાસ પાર્ટીનો મુખ્ય ઉદેશ દરેક ગુજરાતીને જમવા માટે બે ટંક સારુ ભોજન મળે, પહેરવા માટે સારા કપડા મળે તેમજ રહેવા માટે એક ઘર મળે . ઉપરાંત પાર્ટીના હોદેદાર દલસુખભાઈના જણાવ્યા અનુસાર શિક્ષણ, આરોગ્ય, દરેક નાગરીકને સમાનતાનો અધિકાર મળશે. ગુજરાતમાં મહિલાઓ અને પુરુષોને ૫૦-૫૦ ટકા અધિકાર સહિત ભષ્ટ્રાચાર, અત્યાચારને રાજયમાંથી ઉખેડી ફેંકી દેશે. ગ્રામિણ વિસ્તારોને પણ શહેરી વિસ્તાર જેવા વિકસાવવામાં આવશે. તેમજ શાકભાજી તેમજ અનાજનો ભાવ નક્કી કરવામાં આવશે. હોસ્પિટલ અને સરકારી શાળાઓને ઉચ્ચસ્તરીય બનાવી બાળકોને સારુ શિક્ષણ આપશે. રાજયની ૧૮૨ બેઠક પર રાષ્ટ્રીય માનવ વિકાસ પાર્ટીના ઉમેદવાર ઉભા રાખવાની છે તેમજ જીતે તો ઉપર જણાવ્યા મુજબ કરશે.




ઠંડીથી ભલભલાને થરથર ધ્રુજાવતો શિયાળો પ્રારંભ થઈ ગયો છે. મધ્યમ અને ઉચ્ચવર્ગનો શિયાળાની આ ઠંડીથી બચવા ગરમ કપડાં સહિત વિવિધ ઉપકરણોનો સહારો લઈ શકે છે પરંતુ જેને તન ઢાંકવા પૂરતા કપડાં પણ ઉપલબ્ધ નથી તેવા ગરીબ વર્ગની આ ટાઢમાં હાલત કફોડી થતી હોય છે. આવા સમયે શહેરના સેવાભાવી દાતાઓ તેમના તરફથી શકય હોય તેટલી મદદ પુરી પાડવા કોશિષ કરતા હોય છે. જો કે આજકાલ યુવા પેઢી પણ આ પ્રકારના સેવાકાર્ય કરવામાં પાછળ નથી રહેતી. ગાંધીનગરના સેક્ટર-૨૩માં કડી કેમ્પસમાં એમબીએના વિદ્યાર્થીઓ દ્વારા કોલેજના પ્રવેશદ્વારે 'ખુશીયોં કા ડોનેશન' લખેલુ બોકસ મુકવામાં આવ્યુ છે. જે આ બાબતનો પુરાવો છે. આ બોક્સમાં જેને કપડા, ગરમ વસ્ત્રો કે અન્ય કોઈ પણ ચીજવસ્તુ દાનમાં આપવી હોય તે તેમાં મુકી દે. આ બોક્સમાં એકત્ર થયેલ દાનને વિદ્યાર્થીઓ શહેરની ઝુંપડપટ્ટીઓમાં રહેતા ગરીબોમાં વિતરણ કરશે.

# રોલબોલની સ્કૂલ નેશનલ સ્પર્ધામાં ગુજરાતની ગર્લ્સ ટીમને સિલ્વર મેડલ

ગાંધીનગર, તા.૧૪

છત્તીસગઢના રાયગઢ ખાતે યોજાયેલ ૬૩મી રોલબોલ સ્કૂલ ગેમ નેશનલ સ્પર્ધામાં ગુજરાતની અન્ડર-૧૪ ગર્લ્સ ટીમે સિલ્વર મેડલ પ્રાપ્ત કરી સમગ્ર રાજયનું નામ રોશન કર્યું છે. આ સાથે રમવા ગયેલ ગુજરાતની અન્ડર-૧૪ બૉયઝ ટીમે સ્પર્ધામાં ચોથું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

રાષ્ટ્રીય કક્ષાની ૬૩મી રૉલબૉલ સ્કૂલ ગેમ નેશનલ ચેમ્પિયનશીપ તા. ૮મી થી ૧૨મી નવેમ્બર દરમિયાન છત્તીસગઢના રાયગઢ ખાતે યોજાઈ હતી. જેમાં ગુજરાતની ગર્લ્સ અને બૉયઝ બંને વિભાગની અન્ડર-૧૪ ટીમોએ ભાગ લીધો હતો. ગર્લ્સ ટીમે આ સ્પર્ધામાં ઉત્કૃષ્ઠ દેખાવ કરતા ઝારખંડને ૫-૪, છત્તીસગઢને ૬-૩, પંજાબને ૧૧-૦ અને તેલંગાનાને ૧૧-૦થી કચડી સેમીફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. સેમી ફાઈનલમાં હરિયાણાને ૬-૪થી



હરાવ્યું હતું. પરંતુ ફાઈનલમાં મહારાષ્ટ્ર સામે ૬-૪થી હાર થતા ટીમને સિલ્વર મેડલ પ્રાપ્ત થયો હતો. ગર્લ્સ ટીમના શાનદાર પરફોર્મન્સને રૉલબૉલ એસોસિએશન ઓફ ગુજરાતના પ્રમુખ ધર્મેશકુમાર તથા મંત્રી દિવ્યેશ ગોહિલે અભિનંદન પાઠવ્યા હોવાનું એસોસિએશનના પ્રવક્તા આનંદ કાપડીયાએ જણાવ્યુંછે.

## પ્રજાને હાઈકમાન્ડ માનનારા એવા બાપુની જરૂર છે પાર્થેશ પટેલ

જનવિકલ્પ પાર્ટીના પ્રવક્તા પાર્થેશ પટેલે ભાજપ દ્વારા પુનઃ સત્તા મળે તો વિજય રૂપાણીને ફરીથી મુખ્યમંત્રી બનાવવાની જાહેરાતને હાસ્યાસ્પદ ગણાવીને જણાવ્યું હતું કે રૂપાણીના રાજમા ગુજરાતની શુંહાલત થઈ છે તે પ્રજાએ જોયું છે. રૂપાણી રિમોટ કંટ્રોલથી ચાલતા મુખ્યમંત્રી છે ત્યારે ગુજરાતની પ્રજા રિમોટ કંટ્રોલથી ચાલતા આવા મુખ્યમંત્રી જોઈએ છે કે પછી પ્રજાને જેઓ હાઈકમાન્ડ માને છે તેવા સફળ, અનુભવી અને પ્રજાની નાડ પારખનાર શંકરસિંહ વાઘેલા જોઈએ છે?



## જીઆઈએસએફએસની નવી ઓફિસનું લોકાર્પણ

અસારવા ખાતે આવેલા બહુમાળી ભવનમાં ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ સિક્યોરીટી ફોર્સ સોસાયટીની નવી ઓફીસનું મુખ્યમંત્રીના અગ્રસચિવ એમ.કે. દાસ.ના હસ્તે આજે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પોતાના પ્રાસંગિક ઉદબોધનમાં અગ્રસચિવે જણાવ્યું હતુ કે, ગુજરાત ઔદ્યોગિક ક્ષેત્રે આગળ પડતું રાજ્ય છે. વિવિધ ઔદ્યોગિક એકમો માટે સુરક્ષા અને સલામતી માટે જી.આઈ.એસ.એફ.ના જવાનો મહત્વપૂર્ણ કામગીરી બજાવે છે. આગામી સમયમાં નવા એકમોની વૃદ્ધિ સાથે વધુને વધુ જી.આઈ.એસ.એફ.ના જવાનોની જરૂર પડશે. આ સાથે સુરક્ષા સાથે સંકળાયેલ જોખમોને પહોંચી વળવા માટે નવા પડકારો પણ ઉભા થતા જાય છે ત્યારે આ પડકારોને પહોંચી વળવા માટે સુસજ્જ બળના નિર્માણ માટે અને તેમની પાયાની જરૂરીયાતોની પૂર્તી માટે સ્વતંત્ર કચેરીની જરૂરીયાત ઉભી થતા આજે અહીં નવી કચેરીનું નિર્માણ કરવામાં આવ્યું છે.